રાજકોટમાં યુવાનને ફડાકા ઝીંકી મોબાઇલ - મોટર સાઈકલની લૂંટ

મારી બહેનો સામે કેમ જુએ છે? તેમ કહી હુમલો કર્યો

રાજકોટ,

રાજકોટ ગોકુલધામ નજીક આંબેડકર નગરમાં રહેતા સંજયકુમાર બિજલભાઈ પરમાર(ઉ.વ.૫૦) ગઈ તાં.૨૩ના રોજ મહાનગર પાલિકા ચોકથી આશાપુરા મંદિર તરફ જતા રસ્તે મોબાઈલ પર વાત કરતા હતા ત્યારે ત્રણ અજાણ્યા શખ્સો બાઈક પર આવ્યા બાદ તું મારી બેન સામે કેમ જોવે છે ચાલ પોલીસ સ્ટેશને તેમ કહી ફડાકા ઝીંકી તેમની પાસેથી મોબાઈલ અને બાઈકની લૂંટ કરી ત્રણેય ફરાર થઈ ગયા હતા.આ અંગે એ ડિવિઝન પોલીસે સીસીટીવી ફૂટેઝના આધારે તપાસ શરૂ કરી છે.

ગઈ તા.૨૩/૦૧ ના રાત્રિના સાડા નવેક વાગ્યાની આસપાસ હું મારા ઘરેથી મારી માલીકીનું બાઈક લઈને ઢેબર ચોક પાસે લાખાજીરાજ રોડ પર આવેલ રાજસ્થાનીની લારીએ બરી ખાવા માટે આવેલ હતો, બરી ખાધા બાદ રાત્રીના હુ મારા મિત્ર કુલદિપ ભાઈ સાથે ફોનમાં વાત કરવા માટે લારીથી થોડે આગળ મારૂ બાઈક પાર્ક કરેલ હતુ ત્યા બાઈક પર બેસીને ફોન પર વાત કરતો હતો અને મારી સામેની બાજુના ખુણામાં ત્રણ સ્ત્રીઓ ઉભી હતી ત્યારે લાખાજીરાજ રોડ સાંગણવા ચોક તરફથી એક બાઈક આવેલ અને મારી બાજુમાં ઉભુ રાખી દિધેલ જેના ઉપર ત્રણ અજાણ્યા વ્યક્તિઓ સવાર હતા જેમાથી એક નિચે ઉતરીને મને કહેવા લાગેલ કે તારી સામે મારી બહેનો ઉભી છે તુ એમની સામે કેમ જુએ છે? મે તે વ્યક્તિને કહેલ કે હુ તે સ્ત્રી ઓને ઓળખતો નથી અને તેમની સામે પણ જોતો નથી.

તે વ્યક્તિએ મને ત્રણ જાપટો મારેલ અને મને કહેલ કે ચાલ આપણે પોલીસ સ્ટેશન ખાતે જઈએ નો મે તેમને હા પાડેલ તેથી તે મો.સા.મા વચ્ચે બેસેલો વ્યક્તિ નીચે ઉતરીને મારૂ બાઈક ચલાવવા માટે મારા બાઈકમા આગળ બેસી ગયેલ અને મને પાછળ બેસવાનુ કહેલ જેથી હું પાછળ બેસી ગયો અને તેમાથી બીજા બે માણસો તેનુ બાઈક લઈને અમારી સાથે આવેલ અને આર.એમ.સી. ચોક પાસે આશાપુરા રોડ તરફ જતા નોબલ ઈલેક્ટ્રીકની બાજુમા પહોંચીને બન્ને બાઈક ઉભા રાખ્યા હતા. મારા બાઈકની ચાવી કાઢીને મને ઉતારી દઈ નીચે પાડી દઈ એક માણસ મને ઢીકાપાટુનો માર મારવા લાગેલ અને તે વખતે બીજા બે માણસો પણ તેના બાઈકમાથી ઉતરીને મને કહેવા લાગ્યા કે તારા ફોનમાથી ગુગલ પે દ્વારા પૈસા આપી દે તો તને જવા દઈશું .મે તેને પૈસા આપવાની ના પાડતા તે બેમાંથી એકે મારો મોબાઈલ ફોન ઝુટવી લીધો અને આ ત્રણેય અજાણ્યા માણસો મને ઢીકાપાટુનો માર મારવા લાગેલ જેથી હું ત્યાથી બસ સ્ટેશન પાછળ તરફ દોડીને જતો રહેલ અને ત્યાથી રીક્ષા કરાવીને મારા ઘરે જતો રહયો હતો અને એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી આ મામલે પીએસઆઈ મહંત તપાસ ચલાવી રહ્યા છે.

રાજકોટ મનપા ફૂડ શાખાએ ખાદ્યતેલ-ચનાજોર ગરમના ચાર નમૂના લીધા

૨૨ નમૂનાની સ્થળ પર ચકાસણી : ૧૪ ખાણીપીણીના ધંધાર્થીઓને લાઇસન્સ અંગે નોટીસ

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા વાન સાથે શહેરના રૈયા ટેલિફોન એક્સચેંજ થી ગોપાલ ચોક વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૪ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૨૨ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ. તેમજ ખાદ્યતેલ સહિત કુલ ૪ નમૂના લેવામાં આવ્યા હતા.ચકાસણી કરેલ ધંધાર્થીઓમાં બાલાજી ડેરી, હર્ષ અમૂલ પાર્લર, શ્રીજી બાપા અમૂલ પાર્લર-(૦૪)યશ એન્ટરપ્રાઈઝ- માં મોમાઈ નાસ્તા હાઉસ- જલારામ ખમણ હાઉસ- લાઈસન્સ મેળવવા બાબતે સૂચના, મહાવીર પ્રોવિઝન સ્ટોર, ફેમસ કચ્છી દાબેલી, ગિરિરાજ પ્રોવિઝન સ્ટોલ, નીલકંઠ ડેરી ફાર્મ,જનતા પ્રોવિઝન સ્ટોર, શ્રીજી મેડિકલ, બાલાજી દાળપકવાન તથા જય સરદાર ગાંઠિયાને લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ.

ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ દર્શાવેલ નીચે મુજબની વિગતે કુલ ૦૪ નમૂના લેવામાં આવેલ જેમાં તિલક ગ્રાઉન્ડોટ ઓઈલ (ફ્રીમ ૫ લી. પેકડ) ઉમિયા એજન્સી, ગુંદાવાડી મેઈન રોડ છેડે, ગુંદાવાડી-૨૦, અલ્ફા ટ્રીયલ ફિલ્ટર્ડ ગ્રાઉન્ડ નટ ઓઈલ (ફોમ ૧૫ કેજી) પેકડ) ભાવિક ટ્રેડિંગ, કોઠારીયા રોડ, જૂનું હૂડકો ક્વાટર નં.૦૭, પોલીસ ચોકીની બાજુમાં, રીયુયાદવ ગહ ઉદ્યોગ, ચુનારાવાડ શેરી નં.૧, ટી.સી. વાળી શેરી, આજી નદી કાંઠે, રાજકોટરીયુર્ઝ પામોલીન ઓઇલ (લુઝ) તથા મસાલા ચના જોર ગરમ (નમકીન-લુઝ): યાદવ ગહ ઉદ્યોગ, ચુનારાવાડ શેરી નં.૧, ટી.સી. વાળી શેરી, આજી નદી કાંઠે ખાતેથી નમુના લેવામાં આવ્યા હતા.

પોલીસ સમાચાર

રાજકોટના મોરબી રોડ રાજલક્ષ્મી સોસાયટી પાસે ટ્રેન હડફેટે યુવાનનું મોત

રાજકોટ

મૂળ ધ્રાંગધ્રાના રામદેવપુર ગામનો વતની અને રાજકોટમાં રિધ્ધી સિધ્ધી સોસાયટી છેલ્લી શેરી સાનીધ્યા એપાર્ટમેન્ટમાં રહી કારખાનામાં મજૂરી કરતો ગૌતમભાઈ મગનભાઈ પરમાર (ઉ.વ.૩૮) નામનો યુવાન ગત સાંજે મોરબી રોડ રાજલક્ષ્મી સોસાયટી પાસે ટ્રેનની હડફેટે ચડી જતાં તેનું મોત થતાં પરિવારમાં શોક વ્યાપી ગયો છે.મૃત્યુ પામનાર ગૌતમભાઈ રાજકોટ એકલો રહી મજુરી કરતો હતો. તે બે ભાઈ અને એક બહેનમાં નાનો હતો. તેને સંતાનમાં બે પુત્ર છે. તેના પત્નિ, પરિવારજનો વતનમાં રહેતાં હતાં. બનાવ અકસ્માતે બન્યો કે આત્મહત્યા કરી? તે અંગે બી-ડિવીઝન પોલીસે તપાસ યથાવત રાખી છે.

રાજકોટમાં બીએસએનએલના હેલ્પર કર્મી. નો આપઘાત

રાજકોટ,

રાજકોટના પારેવડી ચોક મહાત્મા ગાંધી પ્લોટ-૩માં રહેતાં મહેન્દ્રભાઈ મનસુખભાઈ મકવાણા (ઉ.વ.૪૪) નામના આધેડે સવારે ઘરે લોખંડની એંગલમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.આપઘાત કરનારા મહેન્દ્રભાઈ એક બહેનથી નાના હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે બીએસએનએલમાં હેલ્પર તરીકે નોકરી કરતાં હતાં. કલેશના કારણે પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. બી-ડિવીઝન પોલીસે તપાસ યથાવત રાખી હતી.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બાથરૂમમાં પડી જતા ઉપલેટાના આધેડનું મોત

રાજકોટ,

રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલમાં શ્વાસની બીમારીના કારણે સારવાર લઈ રહેલા ઉપલેટાના આધેડ બાથરૂમમાં પડી જતા તેનું મૃત્યુ નિપજયુ હતું.મળતી વિગત મુજબ ઉપલેટાના જડેશ્વર મહાદેવના મંદિરવાળી શેરીમાં રહેતા કાસમભાઈ હુસેનભાઈ હાથકરડા (ઉ.વ. ૫૦) ને ગત તા. ૨૩ ના રોજ બીમારીના કારણે સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યારે ઈમર્જન્સી વોર્ડમાં બાથરૂમ જવા માટે ગયા ત્યારે તેને શ્વાસ ઉપડતા પડી જતા ઈજા થતા તેનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું. ઉપલેટા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટની લક્ષ્મણ ટાઉનશીપમાં આધેડનું અગ્નિસ્નાન : ઘટના સ્થળે જ મોત

રાજકોટ,

રાજકોટના નાના મવા જીવરાજ પાર્ક પાસે લક્ષ્મણ ટાઉનશીપ બ્લોક નં. ૪૦૭માં રહેતાં ચમનભાઈ મંગાભાઈ સોલંકી (ઉ.વ.૫૫) નામના આધેડે અગ્નિસ્નાન કરી લેતાં ઘટના સ્થળે જ મોત થયું હતું.ચમનભાઈએ સોમવારે સાંજે ઘરે અગ્નિસ્નાન કરી લીધું હતું. બનાવની જાણ થતાં ૧૦૮ પહોંચી હતી. તેના તબિબ મહેન્દ્ર ગોસ્વામીએ તેમને મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

આપઘાત કરનાર ચમનભાઈ ચાર ભાઈ અને એક બહેનમાં મોટા હતાં અને કારખાનામાં મજૂરી કરતાં હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. બિમારીથી કંટાળી પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. તાલુકા પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી હતી.

અમરેલી: ધારીના ખીસરી ગામે લગ્નપ્રસંગમાં રોટલી પીરસવા બાબતે ધીંગાણું

બંને પક્ષે ૧૫ લોકોને ઈજા, ઉગ્ર બનેલા ટોળાએ આખુ ગામ જાણે માથે લીધું!

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલી જિલ્લાના ધારીના ખીસરી ગામે લગ્ન પ્રસંગમાં ધીંગાણું ખેલાયું હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. દેવીપૂજક સમાજના લગ્નપ્રસંગમાં મારામારી થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, જમણવારમાં રોટલી પીરસવા જેવી બાબતે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.

મળતી માહિતી મુજબ, ધારીના ખીસરી ગામે જાનૈયા અને માંડવીયા વચ્ચે ધીંગાણું ખેલાયું હોવાના ભયાનક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. જેમાં અમરેલીના ચક્કરગઢ ગામેથી આવેલી જાન બાદ કોઈ કારણોસર બંને પક્ષે ઉગ્ર બોલાચાલી બાદી મામલો બીચકચો હતો. જેમાં જાનૈયા અને માંડવીયા બંને પક્ષે લાકડી અને પાઈપ વડે એકબીજા પર હુમલો કર્યો હતો. ઉગ્ર બનેલા ટોળાએ આખુ ગામ જાણે માથે લીધું હોય તેવા દ્રશ્યો જોવા મળે છે. મારામારીની ઘટનામાં ૧૫ જેટલાં લોકોને ઈજા પહોંચતા સારવાર માટે ધારીના સામૂહિક આરોગ્ય કેન્દ્ર મોકલવામાં આવ્યા હતા. જેમાં બે વ્યક્તિની તબિયત વધુ બગડતાં અમરેલી રીફર કરવામાં આવ્યા હતા. હુમલાની ઘટનાને પગલે ધારી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. હુમલાની ઘટનાને લઈને પોલીસે બંને પક્ષે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ઈજાગ્રસ્ત સહિતના સ્થાનિકોના નિવેદન મેળવી અને વીડિયોના આધારે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટના મોટામવામાં પ્રેમલગ્ન કરનાર યુવકના પરિવારને મારી નાખવાની ધમકી

રાજકોટ,

રાજકોટના મોટા મવામાં રહેતાં યુવકને પરીવાર સમેત મારી નાંખી બહેનનું અપહરણ કરવાની ધમકી આપતાં જામનગર રહેતાં સસરા સહિતની ટોળકી સામે તાલુકા પોલીસમાં ગુનો નોંધાયો હતો.

આ બનાવ અંગે કાલાવડ રોડ પર મોટા મવામાં આવેલ રઘુવીર પાર્કમાં રહેતાં આશિષભાઈ અલ્પાબેન વૈષ્ણવ (ઉ.વ.૨૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મિતેશભાઈ કિશોરભાઈ ભટ્ટ (રહે.જામનગર) સહિતના શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ પત્ની અંકીતા, ભાઈ સુનિલ, બહેન હેતલ તથા મમ્મી અલ્પાબેન સાથે રહે છે. તેમની માતાના પિતા સાથે આશરે ૧૫ વર્ષ પહેલા ડિવોર્સ થઈ ગયેલ છે, ફરીયાદી માધાપર ચોકડી પર આવેલ બ્લુડાર્ટ કુરીયરમાં ડીલીવરી બોય તરીકે નોકરી કરે છે. યુવાન અને અંકીતા છેલ્લા પાંચ વર્ષથી રીલેશનશીપમા હોય જેથી ગઈ તા.૧૫ના કાલાવડના નાગપુર ગ્રામ પંચાયત ખાતે રજીસ્ટર મેરેજ કરેલ છે અને સાતેક દિવસ બંને સાપુતારા ખાતે જતા રહ્યા હતા. ગઈ તા. ૨૧થી બંને અહીં પરીવાર સાથે રાજકોટ રહે છે.ગઈ તા.૨૦ ના તે અંકીતાના ઘરે જામનગર તેના પિતા મિતેશભાઈ ભટ્ટને મળવા ગયેલ અને બંનેના પ્રેમ-સંબંધ વિશે વાત કરેલ હતી. તેમને બંનેના લગ્ન માટે સમજાવેલ હતા. તો તેણે ગાળાગાળી કરેલ જેથી ત્યાંથી પરત આવતો રહેલ હતો. બાદ મિતેશ ભટ્ટના અવાર-નવાર ફોન આવતા હતા.જેમાં બહેન હેતલને ઘરેથી ઉપાડી લઈને અપહરણ કરવાની ધમકી આપ્યા કરતા અને અંકીતાનો ફોન પણ લઈ લીધેલ હતો. બાદમાં અંકીતાએ યુવાનનો સંપર્ક કરેલ અને તેને લઈ જઈને લગ્ન કરવાનુ જણાવેલ હતુ, જેથી તેને જામનગરથી સાથે લઈ આવેલ અને નાગપુર ગામ ખાતે રજીસ્ટર મેરેજ કરી સાપુતારા જતા રહેલ હતા. બાદમાં યુવાને તેના મમ્મીને ફોન કરતા તેમણે જણાવેલ કે, તારા સસરા મિતેશભાઈ ઘરે આવી જાનથી મારી નાખવાની ધમકી આપે છે, તમે બંને પરત રાજકોટ આવી જાવ.

જેથી તેઓ બંને રાજકોટ પરત આવી ગયેલ બાદ ગઈ તા.૨૨ના મિતેશને જાણ થયેલ કે, હુ અને અંકીતા બંને ઘરે પરત આવી ગયેલ છે, જેથી તેમણે મમ્મીના અને ભાઈ સુનિલના ફોનમા અવાર-નવાર ફોન કરી અંકીતાને પરત જામનગર મોકલી દે, નહીતર પરીવારને જાનથી મારી નાખવાની અને મારી બહેનનુ અપહરણ કરી લેવાની ધમકી આપેલ હતી. ગઈ તા.૨૪ના મિતેશ ભટ્ટ તેની સાથે સાગર માડમ, લાલભાઈ આહીર, રામભાઈ અને તેમના અન્ય ઓળખીતા લોકોને લઈ અંકીતાને મનાવવા માટે રાજકોટ ઘરે આવેલ હતા. બાદ અંકીતાએ તેની સાથે પરત જવાની ના પાડતા આ મિતેશ ભટ્ટ અલગ-અલગ નંબરથી ફોન કરીને યુવાનને પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી હતી.

લગ્નના ૧૮ દિવસ પહેલા યુવાનનું કરૂણ મોત!

ભાવનગર-સોમનાથ હાઈવે પર અજાણ્યા વાહનથી અકસ્માતમાં ગૂમાવ્યો જીવ

અમરેલી:

ભાવનગર-સોમનાથ હાઈવે પર રાજુલા નજીક કડીયાળી ગામ પાસે આજે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મોટરસાયકલ પર જઈ રહેલા એક યુવાનનું અજાણ્યા વાહનની હડફેટે ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.મૃતક યુવાનની ઓળખ રાજુલા નજીકના હિંડોરણા ગામના રહેવાસી મનસુખ ભોળાભાઈ મકવાણા (ઉંમર આશરે ૩૦ વર્ષ) તરીકે થઈ છે.મૃતક મનસુખના લગ્ન આગામી ૧૨ ફેબ્રુઆરીએ સમૂહ લગ્ન પ્રસંગમાં યોજાવાના હતા. જોકે, લગ્ન પહેલાં જ બનેલી આ દુર્ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.અકસ્માતની જાણ થતાં જ પીપાવાવ મરીન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માત કેવી રીતે બન્યો અને અજાણ્યા વાહન અંગે માહિતી મેળવવા વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવને પગલે હિંડોરણા ગામ સહિત સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે.

કલેકટરે જમીન સંપાદિત કરી ખાનગી કંપનીને આપી છતાં ૧૮ વર્ષ કબજો રાખી ખેતી કરી: લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયો

અમરેલી:

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે પાંચ શખ્સોની જમીન ૨૦૦૭ની સાલમાં કલેકટરે સંપાદિત કરી ખાનગી કંપનીને સોંપી હોવા છતાં આ પાંચેય શખ્સોએ જમીનનો કબજો રાખી આજ દિન સુધી ખેતી કામ કરી કબજો નહી છોડતા આખરે તેમની સામે ફોજદારી ફરિયાદ નોંધાવાય છે.આ બનાવ અંગે કોવાયામાં અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ કંપનીમાં લેન્ડ વિભાગમાં ડેપ્યુટી મેનેજર તરીકે નોકરી કરતા જીતેન્દ્ર પ્રતાપસિંહ રામફાલ વર્માએ બાબરકોટ ગામના સુખા કડવાભાઈ સાંખટ, વેલા કડવાભાઈ સાંખટ, ચીથર કડવાભાઈ સાંખટ, બચુ કડવાભાઈ સાંખટ અને પાંચા કડવાભાઈ સાંખટ સામે જાફરાબાદ મરીન પોલીસ મથકમાં લેન્ડગ્રેબીંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે.જેમાં તેમણે જણાવ્યું છે કે રેવન્યુ સર્વે નંબર ૧૩૦ પૈકી એકની જૂની શરતની જમીન રાજુલાના મદદનીશ કલેકટરના હુકમથી સંપાદિત કરવામાં આવી હતી. અને તારીખ ૮/૨/૨૦૦૭ના રોજ અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડને કિંમત લઈને ઔદ્યોગિક હેતુ માટે ફાળવવામાં આવી હતી.જો કે આ પાંચેય શખ્સોએ વર્ષ ૨૦૦૭થી આજ દિન સુધી કોઈપણ જાતના આધાર પુરાવા વગર જમીનમાં ગેરકાયદેસર કબજો કરી રાખ્યો હતો અને જમીનમાં વાવેતર કરી આર્થિક ઉપજ પણ મેળવી હતી. બનાવ અંગે મરીન પોલીસમાં ગુનો નોંધાતા અહીંના ઈન્ચાર્જ ડીવાયએસપી એન. બી. ગોરડીયાએ તપાસ શરૂ કરી છે.

સાવરકુંડલામાં ડમ્પરે બાઈકને ઉડાવતા મહિલાનું મોત

સાવરકુંડલા:

સાવરકુંડલામાં મહુવા રોડ પર ગઈકાલે બપોરે એક દંપતી બાઈક પર ઘર તરફ જઈ રહ્યું હતું ત્યારે પૂરપાટ દોડતા ડમ્પરે બાઈકને હડફેટે લેતા પત્નીનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે તેના પતિને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવેલ છે. મહિલાના મોતથી પરિવારજનોમાં શોકનું મોજુ પ્રસરી ગયું હતું.અકસ્માતની આ ઘટના ગઈકાલે બપોરે ૧૨ વાગ્યાના સુમારે સાવરકુંડલામાં મહુવા રોડ પર બની હતી. અહી મહુવા રોડે એસએમજીકે સંકુલ પાસે રહેતા મૂળ વીરડી ગામના ટીવુભાઈ કેશુભાઈ વાઘેલા (ઉ. વ. ૪૨) પોતાનું મોટરસાયકલ લઈ પત્ની અમીનબેન સાથે ઘરવખરીની ખરીદી માટે બજારમાં ગયા હતા.બપોરના સમયે તેઓ સર સામાન લઈ બાઈક પર પરત ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા પીળા કલરના ડમ્પરે તેના મોટરસાયકલને હડફેટે લીધું હતું.આ ઘટનામાં અમીનબેનને ગંભીર ઈજા થતાં તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે તેમના પતિ ટીવુભાઈ વાઘેલાને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે.જ્યાં તેમણે અજાણ્યા ડમ્પર ચાલક સામે સાવરકુંડલા શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પીએસઆઈ એ. આર. છોવાળા બનાવની તપાસ ચલાવી રહ્યા છે.

નામ બદલાવેલ છે

મારૂ નામ હેતલ કપિલ મોણપરા હતુ જે બદલીને હેતલબેન કપિલભાઈ મોણપરા કરેલ છે. હવેથી હું મારા નવા નામ હેતલબેન કપિલભાઈ મોણપરા તરીકે ઓળખાઈશ.

સહી : હેતલબેન કપિલભાઈ મોણપરા

સરનામું : પતંજલિ, ડોબરિયા વાડી, અમરનગર રોડ, બસ સ્ટોપ પાસે, જેતપુર - ૩૬૦૩૭૦

'હું જિંદગીથી કંટાળી ગયો છું': ઉપલેટામાં પત્નીથી કંટાળી યુવાને જાતે જ પોતાનું ગુપ્તાંગ વાઢી નાખ્યું

રાજકોટ,

ઉપલેટામાં ત્રણ સંતાનના પિતાએ વિચિત્ર રીતે આપઘાત પ્રયાસ કર્યો હતો. 'હું જિંદગીથી કંટાળી ગયો છું' પત્નીથી કંટાળી યુવકે પોતાનંલ જ ગુપ્તાંગ વાઢી છરી વડે ગુપ્તાંગ કાપ્યા બાદ ગળામાં અને હાથે પણ છરકા માર્યો હતા. ઉપલેટા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

'મળતી માહિતી અનુસાર, ઉપલેટાના ઈશરાના પાટીયા પાસે પટેલ એગ્રી ઓઈલ મિલ નામના કારખાનામાં આવેલી રૂમમાં ગઈકાલે સાંજે ૬ વાગ્યાં આસપાસ ૪૦ વર્ષીય યુવક બેભાન હાલતમાં લોહી લુહાણ પડેલ હોય તેને તત્કાલ અન્ય શ્રમિકોએ ઉપલેટા સરકારી દવાખાને ખસેડ્યો હતો. ડોક્ટરે તપાસતા જાણવા મળેલ કે, યુવકનું ગુપ્તાંગ કપાયેલું હતું. તેના ગળામાં, હાથમાં, છાતીમાં ઈજાના નિશાન હતા. હાલત ગંભીર જણાતા તત્કાલ યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ઉપલેટા પોલીસને જાણ કરી હતી. પુછપરછમાં ખુલ્યું હતું કે, આ યુવક કારખાનમાં મજૂરી કરે છે. તેને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. તેણે જાતે છરી વડે પોતાનું ગુપ્તાંગ કાપી નાખ્યું હોવાનું અને જાતે જ છાતીમાં અને હાથે તથા ગાળામાં છરીના ઘા માર્યા હોવાનું કહ્યું હતું. શ્રમિકોએ જણાવ્યું કે, યુવકે લગભગ તા. ૨૩ના રોજ રાત્રે આ પગલું ભર્યું હતું. પણ રૂમમાં કોઈ ગયું ન હોય, યુવક લોહી લુહાણ પડ્યો રહ્યો હતો.

પછી કોઈ મજૂરનું ધ્યાન જતા આ બનાવ સામે આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે, બનાવ પહેલા યુવકને તેની પત્ની સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેનાથી કંટાળી આ પગલું ભર્યું હોય શકે છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. હાલ આ યુવાન સારવાર હેઠળ છે.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.